# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20/07/2025** **Morning : 7.10 to 7.20**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

---

1. **કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે કહ્યું કે , ગુજરાતમાં મગફળીનું ઉત્પાદન વધારવા માટે રાજ્ય અને કેન્દ્ર સરકાર પ્રયત્નશીલ.**
2. **ગુજરાત મેરિટાઈમ યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં મુખ્યમંત્રીનું યુવાનોને રાષ્ટ્ર હિત સાથે સામુદ્રિક વિરાસતની પ્રતિષ્ઠાના સંવર્ધન-સંરક્ષણ કરવા રહેવા આહવાન.**
3. **નાગરિકોની સલામતી સુનિશ્ચિત કરવા માટે વિવિધ જિલ્લાઓમાં જિલ્લા પ્રભારી મંત્રીઓની રોડ રસ્તા અને પુલની સ્થિતિની સમીક્ષા.**
4. **છેલ્લા 24 કલાકમાં રાજ્યના 170 તાલુકામાં વરસાદ - જામનગર, મોરબી અને કચ્છ જિલ્લામાં આજે ભારે વરસાદની આગાહી**
5. **અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં 201મું અંગદાન. અત્યાર સુધીમાં 641 વ્યક્તિઓને નવ જીવન પ્રાપ્ત થયું.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# JUNAGADH SHIVRARSINGH

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે ક્હયું છેકે આઇઆરજીઆરના સહયોગથી ગુજરાત ના ખેડૂતો મગફળીનું ઉત્પાદન વધારી રહ્યાં છે.   સોમનાથની મુલાકાતે આવેલા કેન્દ્રીય મંત્રી શિવરાજસિંહે કહ્યું હતું કે વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા માટે દેશભરના લોકો કાર્યરત છે.

## બાઇટ- શિવરાજસિંહ ચૌહાણ

---

# CM MERITIME UNI

ગુજરાત મેરિટાઈમ યુનિવર્સિટીનો પ્રથમ પદવીદાન સમારોહમાં **13** વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ સહિત **250**ને મુખ્યમંત્રીએ પદવી એનાયત કરી હતી.. આપ્રસંગે મુખ્યમંત્રીએ યુવાનોને રાષ્ટ્ર હિત સાથે આપણી સામુદ્રિક વિરાસતની પ્રતિષ્ઠાના સંવર્ધન-સંરક્ષણ માટે કર્તવ્યરત રહેવા આહવાન કર્યું હતું.

તેમણે વધુમાં કહ્યું કે, આજે મેરિટાઈમ સેક્ટરમાં અપાર અવસરો છે અને આ સેક્ટર માટે ભારત ખૂબ ઝડપથી વિશ્વને અગ્રણી કૌશલ્ય વર્ધક માનવ બળ પૂરૂ પાડી રહ્યું છે.

## (બાઇટ- ભૂપેન્દ્ર પટેલ , મુખ્યમંત્રી)

---

# NAVSARI KANU DESAI

નાણામંત્રી અને નવસારી જિલ્લાના પ્રભારી મંત્રી કનુ દેસાઈએ નવસારીમાં વરિષ્ઠ અધિકારીઓ સાથે જિલ્લાની વર્તમાન સ્થિતિ અંગે સમીક્ષા બેઠક યોજી. દરમિયાન તેમણે લોકોની રજૂઆતોનું તાત્કાલિક નિરાકરણ કરવા અને તેમને કોઈ મુશ્કેલી ન પડે તે દિશામાં કામ કરવા તાકીદ કરી.

શ્રી દેસાઈએ કોઈ બ્રિજ બંધ કરવાની જરૂરિયાત હોય તો તેને તાત્કાલિક બંધ કરવા અને જરૂર જણાય તો જેતે વિભાગ હસ્તકના બ્રિજના સમારકામ કરાવવા સૂચના આપી. તેમજ ગુણવત્તાયુક્ત કામ ન કરનારી સંસ્થાઓને કામ ન સોંપવા પણ તેમણે અધિકારીઓને જણાવ્યું.

## બાઇટ- કનુ દેસાઇ, નાણામંત્રી

---

# SAMIKSHABETHAK BHIKHUSINH PARMAR

નર્મદા જિલ્લાના માર્ગો , આરોગ્ય અને શૈક્ષણિક માળખાં-મકાનોની વર્તમાન સ્થિતીની જિલ્લા પ્રભારી મંત્રી ભિખુસિંહ પરમારે સમીક્ષા કરી હતી.

નાગરિકોની સલામતી, સુવિધા અને કામગીરીમાં પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે યોજાયેલી આ સમીક્ષા બેઠકમાં નર્મદા જિલ્લામાંથી પસાર થતા નેશનલ હાઈવે, સ્ટેટ હાઈવે, પંચાયત હસ્તકના માર્ગો તથા વનવિભાગ હેઠળના માર્ગો ઉપર વરસાદી સિઝન દરમિયાન થયેલું ધોવાણ-નુકશાન બાદ દુરસ્તીકરણની કામગીરી ઝડપથી આટોપવા તેમણે તંત્રને સૂચના આપી હતી.

## બાઇટ- ભિખુસિંહ પરમાર, મંત્રી ,

---

# SNR SHAHERI VIKASH VARSH

શહેરી વિકાસ વર્ષ **2025**ની ઉજવણીના ભાગરૂપે સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના વિકાસ પ્રકલ્પોના ઈ-ખાતમૂર્હૂત તથા પદ્મશ્રીઓનો સન્માન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાએ સુરેન્દ્રનગર મહાનગરપાલિકા વિસ્તારના **37** કરોડથી વધુ રૂપિયાના વિકાસ પ્રકલ્પોનું ઈ-ખાતમૂર્હૂત અને ઉદ્દઘોષણા કરી હતી.

આ કાર્યક્રમમાં સંબોધન કરતા મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે , સુરેન્દ્રનગર-દુધરેજ-વઢવાણ નગરપાલિકા અપડેટ થઈને સુરેન્દ્રનગરને મહાનગરપાલિકા બની છે.

આ પ્રસંગે સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના સુર્વણ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના યુ.ડી.પી.- **88** અંતર્ગત ગુજરાત શહેરી વિકાસ વર્ષ **– 2025**નું વિમોચન **Our Surendrangar App** અને **SNMC Employee App**નું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું.

---

# FESTIVE RATION

આગામી દિવસોમાં તહેવારોને ધ્યાને લઈને અંત્યોદય તેમજ બીપીએલ કાર્ડ ધારકોને વધારાનું રાશન મળવાપાત્ર થશે. જેમાં કુટુંબદીઠ એક કિલોગ્રામ ખાંડ, એક લીટર સીંગતેલ, એક કિલોગ્રામ ચણા , એક કિલોગ્રામ તુવેર દાળ તેમજ એક કિલો ડબલ ફોર્ટીફાઈડ મીઠાનું વિતરણ કરવામાં આવશે. જ્યારે અંત્યોદય રેશનકાર્ડ

ધારકો તેમજ અગ્રતા ધરાવતા કુટુંબોને તહેવારોને ધ્યાને લઈ અગાઉથી જ ઘઉં અને ચોખાનું વિતરણ જૂન અને જુલાઈ – 2025 માસમાં કરવામાં આવેલ છે

રાજકોટના અમારા પ્રતિનિધિ જણાવે છે કે જિલ્લામાં 3 લાખ 22 હજાર 360 એન.એફ.એસ.એ. રેશનકાર્ડ અંતર્ગત 13 લાખ 17 હજાર 386 લાભાર્થીઓ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ અનાજનો લાભ મેળવે છે. તેમ જ પરપ્રાંતીય અને આંતરજિલ્લાના એન.એફ.એસ.એ. રેશનકાર્ડ ધરાવતા કુલ 15 હજાર 666 લાભાર્થીઓએ જૂન માસમાં 'વન નેશન વન રેશન કાર્ડ' યોજના હેઠળ જિલ્લામાંથી લાભ આપવામાં આવ્યો છે..

---

## SAMIKSHA BETHAK

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સૂચના અને માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજ્યમાં પુલોનું નિરીક્ષણ અને જરૂરી જણાય તો સમારકામ કરવામાં આવી રહ્યું છે.નાગરિકોની સલામતી, સુવિધા અને કામગીરીમાં પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે રાજ્યમાં જિલ્લાકક્ષાએ અધિકારીઓ દ્વારા જાતનીરિક્ષણ થકી વિવિધ કામગીરીની સમીક્ષા બેઠક કરવામાં આવી રહી છે.

જે અંતર્ગત બોટાદ જિલ્લાના પ્રભારી સચિવ સંજીવ કુમારે કલેક્ટર કચેરી ખાતે માર્ગો ઉપર વરસાદ ઋતુ દરમિયાન થયેલા ધોવાણ-નુકસાન બાદ દુરસ્તીકરણની કામગીરી અંગે સમીક્ષા કરી હતી.

સાબરકાંઠા જિલ્લા પ્રભારી સચિવે સાબરકાંઠાની મુલાકાત દરમિયાન હિંમતનગર ઇડર હાઇવે ઉપર આવેલ હાથમતી પુલનું સ્થળ નિરીક્ષણ કર્યું હતું.

ભાવનગર કલેક્ટર કચેરી ખાતે નિવાસી અધિક કલેક્ટરના અધ્યક્ષસ્થાને રોડ સલામતી સમિતિની બેઠક યોજાઈ હતી.

જેમાં ભાવનગર જિલ્લામાં ભારે વરસાદને કારણે બનેલા ક્ષતિગ્રસ્ત રસ્તાઓ અને જરૂરીયાત વાળા રસ્તાઓની સમારકામની કામગીરી ઝડપી પૂર્ણ કરવા અનુરોધ કરાયો હતો.

---

# WEATHER

હવામાન વિભાગે જામનગર , મોરબી અને કચ્છ જિલ્લામાં આજે ભારે વરસાદની આગાહી કરી છે. આગામી ત્રણ દિવસ સુધી રાજ્યમાં હળવો થી મધ્યમ વરસાદ વરસી શકે છે. દરમ્યાન ગઈકાલે રાજ્યના **170** તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે.

હવામાન વિભાગના આંકડા ઓ મુજબ પોરબંદરના રાણાવાવ અને બનાસકાંઠાના દાંતા તાલુકામાં સૌથી વધુ સાડા ચાર ઇંચ જેટલો વરસાદ નોંધાયો હતો. તથા રાજકોટ, મોરબી, જૂનાગઢ અને ખેડા જિલ્લામાં બે થી અઢી ઇંચ જેટલો વરસાદ નોંધાયો હતો.

---

# CIVIL HOSPITAL BRAIN DEAD SEMINAR

અમદાવાદની અસારવા સ્થિત સિવિલ હોસ્પિટલને ગુપ્ત અંગદાન મળ્યુ હતું. આ **201**માં અંગદાનમાં બે કિડની અને એક લિવરનું દાન મળ્યું હતું. સિવિલ હોસ્પિટલ અમદાવાદમાં છેલ્લા સાડા ચાર વર્ષ જેટલા સમયમાં **201** અંગદાન

કરવામાં આવ્યા છે જેના થકી 660 અંગોનું દાન મળ્યું છે અને 641 વ્યક્તિઓને નવજીવન પ્રાપ્ત થયું હોવાનો પણ આ પ્રસંગે ઉલ્લેખ કરાયો હતો..

અમદાવાદના અસારવા સ્થિત સિવિલ હોસ્પિટલમાં રાજ્ય સ્તર નો બ્રેઇન ડેડ ડિકલેરેશન સેમિનાર યોજાયો. રાજ્યની 6 સરકારી મેડિકલ કોલેજ તેમજ 13 જીએમઇઆર મેડિકલ કોલેજના ડીન, સુપ્રિટેન્ડન્ટ મેડિસિન, એનેસ્થેસિયા વિભાગના ફેકલ્ટી, રેસીડન્ટ ડોક્ટર્સ , મેડિકલ ઓફિસર નર્સિંગ સ્ટાફ વિગેરે ને રાજ્યમાં બ્રેઈન ડેડ ડિકલેરેશન તેમજ અંગદાન વધે તે હેતુથી વિગતે માહીતી આપવામાં આવી..

આ કાર્યશાળામાં રાજ્યભરની અલગ અલગ હોસ્પિટલોમાંથી આવેલા 225 કરતા વધારે લોકો ને બ્રેઇન ડેડ દર્દીના લક્ષણો અને તેને કઇ રીતે ઓળખવુ, બ્રેઇન ડેડ દર્દીનુ મેનેજમેન્ટ કઇ રીતે કરવુ , બ્રેઇન ડેડ કન્ફર્મ કરવા એપ્નીઆ ટેસ્ટ કઇ રીતે કરવો તેમજ બ્રેઇન ડેડ દર્દીના સગાને ક્યારે અને કઇ રીતે કાઉન્સીલીંગ કરવુ જેવા વિવિધ પાસાઓ ઉપર માહીતી આપવામાં આવી હતી.

---

## PR DAY CELEBRATION

અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન ખાતે પબ્લિક રિલેશન સોસાયટી ઓફ ઇન્ડિયા અમદાવાદ ચેપ્ટર તેમજ અનંત નેશનલ યુનિવર્સિટીના સહયોગથી વિશ્વ પીઆર દિવસ - ૨૦૨૫ની ઉજવણી કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના માહિતી અને પ્રસારણ વિભાગના ડાયરેક્ટર કે.એલ.બાચાણી, માહિતી ખાતાના સંયુક્ત માહિતી નિયામક સંજય કચોટ, સહાયક માહિતી નિયામક અમિતસિંહ ચૌહાણ દ્વારા ' વિશ્વાસ, પારદર્શિતા અને ટેકનોલોજીઃ જાહેર સંબંધોનો નવો યુગ' વિષય પર પોતાનાં મંતવ્યો રજૂ કર્યાં હતાં.

માહિતી નિયામક કે. એલ. બચાણીએ જણાવ્યું કે , અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટનામાં માહિતી વિભાગે કોહરન્સ , કોહેસન અને કોર્ડિનેશન સાથે જનસંપર્કનું કામ કર્યું. આ એક અભૂતપૂર્વ ઘટના હતી અને તેમાં માહિતી વિભાગે ક્રાઇસીસ કમ્યૂનિકેશનનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

તેમણે વધુમાં કહ્યું કે પબ્લિક રિલેશનના વર્તમાન લેન્ડસ્કેપને જોતા ટ્રસ્ટ , ટ્રાન્સ્પરન્સી અને ટેક્નોલોજી ખૂબ આવશ્યક અને પ્રાસંગિક છે. બદલાતી ટેક્નોલોજી નવા પડકારો આપ્યા છે તો સાથે ટ્રસ્ટ અને ટ્રાન્સ્પરન્સી બરકરાર રાખવાની નવી તકો પણ સર્જી છે.